Letter No: SJED/0014/04/2026 Approved Date: 04-04-2026

**અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૨૬-૨૭માં SCW-36 હેઠળ આર્થિક ઉત્કર્ષ માટે ધિરાણ આપવા બાબતની કુલ રૂ.૬૨.૫૦/- કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : SJED/NIR/e-file/17/2025/2631/J,
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ સાઈન મુજબ

<u>વંચાણે લીધા:-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક: અજાક/મ-૧/૨૧૦૫-૧૦/૨૦૨૫ તા.૦૨/૧૨/૨૦૨૫

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક: -DSCWG/SCC/E-file/224/ 2026 /0717 /M તા.૦૩/૦૩/૨૦૨૬

<u>આમુખ:-</u>

૨. વંચાણે લીધેલ ક્રમ(૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૨/૧૨/૨૦૨૫ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ તેમજ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના હેઠળ લાભાર્થીઓને વિવિધ ધંધા/વ્યવસાય/શૈક્ષણિક પ્રવૃતિઓ માટે લોન આપવા અંગેની નવી યોજના વર્ષ ૨૦૨૬-૨૭માટે શરૂ કરવા અંગેની રૂ.૯૦.૦૦/- કરોડની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. નિયામકશ્રી દ્વારા રજુ કરેલ રૂ.૯૦.૦૦/- ની દરખાસ્ત સામે નાણા વિભાગ દ્વારા કુલ રૂ.૬૨.૫૦/- કરોડની નવી બાબતને વર્ષ:૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ - (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૩/૦૩/૨૦૨૬ના પત્રથી ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

<u>૩.</u> કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ તેમજ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને આર્થિક ઉત્કર્ષ માટે કુલ રૂ.૬૨.૫૦/- કરોડ ની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | લોનની રકમ(રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | ૨૫.૦૦ |
| ૨ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૨૫.૦૦ |
| ૩ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૧૨.૫૦ |
| | કુલ | ૬૨.૫૦ |

<u>શરતો:-</u>

૧. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી નિગમ દ્વારા ચલાવવામાં આવતા સંપૂર્ણ નાણાકીય વહિવટની વિગત લેઝર દ્વારા નિભાવવામાં આવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની રહેશે. આગામી વર્ષના અંદાજપત્રમાં સદરહુ બાબત માટે જોગવાઇ કરાવતા સમયે લેઝર દ્વારા નિભાવવામાં આવેલ અદ્યતન ડેટા રજૂ કરવાનો રહેશે.

૨. સદરહુ નવી બાબતની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

૩. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા રાખવાની રહેશે.

૪. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

૫. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
૭. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
૮. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
૯. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
૧૦. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
૧૧. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
૧૨. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૧૩. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
૧૪. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

ઉક્ત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૫ આયોજન |
| સેકટર | (ખ)સામાજિક સેવાઓ. |
| મુખ્ય સદર | ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ. |
| પેટા મુખ્ય સદર | ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ગૌણ સદર | ૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમો માટે લોન |
| પેટા સદર-(૦૪) | એસસીડબલ્યુ-૩૬ આર્થિક ઉત્કર્ષ માટે નિગમો દ્વારા લોન ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ ફાઈલ પર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૌશલ લાંઘણોદા)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી (સા.ન્યા)ના રહસ્ય સચિવ, સચિવાલય,ગાંધીનગર.
૪. અગ્ર સચિવશ્રી (આર્થિક બાબતો)ના રહસ્ય સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૭. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૮. નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
૧૦. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૧. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
૧૨. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
૧૩. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સેક્શન અધિકારીશ્રી, ગ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૫. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
૧૬. પસંદગી ફાઈલ- ૨૦૨૬